**તાપમાન**

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૪૦.૦° સે. | ૧૯.૦° સે. |
| બારડોલી | ૪૦.૦° સે. | ૧૯.૦° સે. |
| ભરૂચ | ૪૧.૦° સે. | ૧૮.૦° સે. |
| વ્યારા | ૪૦.૦° સે. | ૧૯.૦° સે. |

# બારડોલીના શામરિયા મોરામાં ખાડીની બોક્સ ડ્રેનેજની કામગીરી વર્ષોથી ટલ્લે

**ખાડીમાં** ગંદકીના સામ્રાજ્યને કારણે લોકો હેરાન, ચોમાસામાં પૂરનો ભય



બારડોલી: બારડોલીના શામરિયા મોરામાંથી પસાર થતી ખાડીનો વર્ષો જૂનો પ્રશ્ન હજી પણ હલ થયો નથી. ખાડીને બોક્સ ડ્રેનેજમાં કન્વર્ટમાં કરવાની કામગીરી ખોરંભે પડી હોવાથી હાલ ખાડીમાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયેલું છે. એટલું જ અહીં પાલિકાના અણઘડ વહીવટને કારણે કામગીરી શરૂ થઈ શકી ન હોવાથી આગામી ચોમાસામાં સ્થાનિક રહીશોને વરસાદી પાણી ભરાય જવાની ચિંતા સતાવી રહી છે.

બારડોલીના આશાપુરા માતા અને શામરિયા મોરા વિસ્તારમાંથી પસાર થતી ખાડી ખુલ્લી હતી, એ સમયે ક્યારેય પણ વરસાદી પાણીના નિકાલની સમસ્યા સર્જાય ન હતી કે વિસ્તારમાં આવેલા ઘરોમાં પાણી ભરાયા ન હતા. પાલિકા દ્વારા ખુલ્લી ખાડીને લાખો રૂપિયાના ખર્ચે બોક્સ ડ્રેનેજમાં કન્વર્ટ કરવામાં આવી હતી. પરંતુ શામરિયા મોરા વિસ્તારમાં પાઈપ નાંખીને કામગીરી કરવામાં આવી હતી. ખાડી ઊંચી થઈ જતાં અને લોકોનાં ઘર તેમજ રસ્તો નીચો થઈ જતાં બે વર્ષ અગાઉ ચોમાસામાં પાણી નિકાલનો પ્રશ્ન સર્જાયો હતો. અનેક ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા તેમજ આશાપુરા નજીકનો રસ્તો પણ બંધ થઈ ગયો હતો. બાદ ખાડીમાં નાંખેલા પાઈપ કાઢી તેની જગ્યાએ બોક્સ ડ્રેનેજમાં રૂપાંતર કરવાનું નક્કી થયું હતું. જો કે, આ કામગીરી ત્રણ વર્ષ બાદ પણ થઈ શકી નથી. સ્થાનિકોની અનેક રજૂઆતો છતાં કામગીરી નહીં થતાં લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

ખાડીની બોક્સ ડ્રેનેજની કામગીરી નહીં થતાં ખાડીમાં ગંદકી ફેલાઈ રહી છે. એટલું જ નહીં ખાડીમાંથી દુર્ગંધ આવતી હોવાથી સ્થાનિક રહીશો માટે અહી રહેવું પણ મુશ્કેલ બની ગયું છે. એજન્સીએ કામ નહીં કરતાં નગરપાલિકા દ્વારા નોટિસ પણ પાઠવવામાં આવી છે. તેમ છતાં હજી સુધી કોઈ કામગીરી શરૂ નહીં થતાં આગામી ચોમાસામાં પણ રહીશોને મુશ્કેલીનો સામનો કરવો પડશે એવી શક્યતાને લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### મજૂરો આવતાં જ કામગીરી શરૂ કરાશે: સુમિત ગાવીત

બારડોલી નગરપાલિકાના મ્યુનિસિપલ ઇજનેર સુમિત ગાવીતે જણાવ્યું હતું કે, આ કામગીરી પૂર્ણ કરવા માટે એજન્સીને નોટિસ પણ આપી છે. હાલમાં એજન્સી દ્વારા મજૂર આવ્યા ન હોવાથી કામગીરી શરૂ થઈ ન હોવાનું જણાવવામાં આવ્યું છે. મજૂર આવતાં જ કામગીરી શરૂ કરાશે.

# મોટા બોરસરામાં અખાદ્ય ગોળ ભરેલી પિકઅપ વાન સાથે ચાર ઝડપાયા



ઇબ્રાહીમ કાનુ

**65 હજારનો** અખાદ્ય ગોળ, વાન, ચાર મોબાઇલ મળી 6 લાખનો મુદ્દામાલ કબજે કરાયો

હથોડા: કોસંબા પોલીસે તાબા હેઠળના મોટા બોરસરા ગામેથી બાતમીના આધારે અખાદ્ય ગોળ ભરેલી પિકઅપ વાન સાથે ચાર જણાને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

કોસંબા પોલીસ થાણાના અમલદાર એમ.કે.સ્વામી અને હેડ કોન્સ્ટેબલ હિમાંશુ રશ્મિકાંત પટેલને બાતમી આપી હતી કે, મોટા બોરસરા ગામે દેશી દારૂ બનાવવા વેચાણ કરવા માટે મોટી માત્રામાં અખાદ્ય ગોળનો જથ્થો પલસાણાથી લાવવામાં આવ્યો છે. જેથી કોસંબા પોલીસે મોટા બોરસરા ગામે વસાવા ફળિયામાં વોચ ગોઠવતાં મોટા બોરસરા ગામે રહેતા જયરામ ગુજ્જરના ગોડાઉન પાસેથી જીજે 19x 5718 નંબરની પિકઅપ વાનમાંથી રૂપિયા 65,000નો અખાદ્ય ગોળ મળી આવતાં કોસંબા પોલીસે અખાદ્ય ગોળનો જથ્થો અને રૂપિયા પાંચ લાખની પિકઅપ વાન તેમજ રૂ.40,000ના ચાર મોબાઈલ મળી કુલ રૂ.6,00,000નો મુદ્દામાલ કબજે કરી ઘટના સ્થળેથી ભવર ગુજ્જર (રહે.,પલસાણા), અરવિંદ નાનુ રાઠોડ (રહે.,પલસાણા), ભાવેશ રમેશ ડોડિયા (રહે.,પલસાણા) અને દેવ હરેશ રાઠોડ (રહે.,પલસાણા) ને ઝડપી પાડી લાડુરામ ગુજ્જર (રહે.,પલસાણા) અને જયરામ ગુજ્જર (રહે.,મોટા બોરસરા)ને વોન્ટેડ જાહેર કર્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### અમલસાડીના રામ દરબારમાં પાણીની ટાંકીનું ઉદઘાટન



ઇલ્યાસ શેખ

પલસાણા: પલસાણાના અમલસાડી ગામે આવેલા સત્ય સનાતન ધામ (રામ દરબાર) માં રામનવમી નિમિત્તે પાણીની ટાંકીનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. સત્ય સનાતન ધામમાં સંચાલક ભરત બાપુ દ્વારા સેવા કાર્યો કરવામાં આવી રહ્યાં છે. આ ધામમાં વધુ સુવિધા મળી રહે એ માટે મૂળ બારડોલીના તરભોણના અને હાલ પલસાણાના ભૂતપોર ખાતે રહેતા મહેશ પરાગ રાઠોડ અને તેમનાં પત્ની અંજનાબેનના સહયોગથી એક પાણીની ટાંકીનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જેનું અંજનાબેનના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

### સાબરગામ કોલેજમાં જોબફેર યોજાયો



દીપકસિંહ મહીડા

અંત્રોલી: શ્રી દક્ષિણ ગુજરાત શિક્ષણ સમાજ, કુંભારિયા સંચાલિત અંબાબા કોમર્સ કોલેજ, મણિબા ઇન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ એન્ડ દેવીબા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન, સાબરગામમાં તા.૨૦-૪-૨૦૨૪ના રોજ જોબફેર યોજવામાં આવ્યો હતો, જેમાં સંસ્થાના પ્રમુખ બળદેવસિંહ સી.મહીડા અને ઉપપ્રમુખ ગુણવંતભાઈ ડી. દેસાઈ હાજર રહ્યા હતા. આ જોબફેરમાં કોલેજના બી.કોમ., બી.બી.એ., બી.સી.એ. અને એમ.કોમ. સહિત કુલ ૩૦૦ વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું અને કુલ ૩૩ કંપનીએ હાજર રહીને વિદ્યાર્થીઓને નોકરીની ઓફર કરી હતી. સમગ્ર કાર્યક્રમ કોલેજનાં આચાર્યા ડો.ફાલ્ગુની એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. કોલેજના પ્લેસમેન્ટ કમિટીના હેડ પ્રા. શૈલેશ પી.પાંધી દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને સંસ્થા તથા કોલેજ પરિવારે જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામના પાઠવી હતી.

### વ્યારાના માલીવાડમાંથી મળી આવેલા ઘાયલ કપિરાજના બચ્ચાને સારવાર અપાઇ



વ્યારા: વ્યારા નગરપાલિકા વિસ્તારમાં માલીવાડ ખાતેથી ઘાયલ હાલતમાં કપિરાજનું બચ્ચું નજરે પડતાં સ્થાનિકોએ વનવિભાગ અને એનિમલ ટીમના સભ્યોનો સંપર્ક કર્યો હતો. બચ્ચાનું રેસ્ક્યુ કરી તેને પશુ ચિકિત્સક દ્વારા સારવાર આપવામાં આવી હતી. સારવાર બાદ વનવિભાગના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ બચ્ચાને જંગલ વિસ્તારમાં મુક્ત કરવાની તજવીજ હાથ ધરાઈ હતી.

### ઉચ્છલની લાઇબ્રેરીને અન્ય સ્થળે ખસેડવા આવેદન



વ્યારા: ઉચ્છલની લાઇબ્રેરીમાં વિદ્યાર્થીઓને કેટલીક સુવિધાઓના અભાવે હાલાકી ભોગવવી પડતી હોવાથી આવી મુશ્કેલીઓ નિવારવા વિદ્યાર્થીઓ અને વાચક વર્ગે મામલતદારને આવેદન આપ્યું હતું.આવેદનમાં જણાવ્યું હતું કે, ઉચ્છલ તાલુકામાં બસ સ્ટેન્ડ પાછળ આવેલા વર્ષો જૂની ભાડાના મકાનમાં ચાલતી લાઇબ્રેરીમાં શૌચાલયની કોઇ સુવિધા ન હોવાથી વિદ્યાર્થીઓ અને વાચક વર્ગને શૌચક્રિયા માટે ખુલ્લામાં જવું પડે છે. અન્ય કોઇ વૈકલ્પિક વ્યવસ્થા પણ નથી. લાઇબ્રેરીનું ભવન ખૂબ જ જૂનું અને નાનું છે. ટેબલ પર પાંચથી વધુ વિદ્યાર્થીઓ એકસાથે બેસીને અભ્યાસ કરી શકતા નથી. લાઇબ્રેરી જર્જરિત થઇ હોય મોટા અકસ્માતની દહેશત પણ છે.

### ઉટેવા ગામે દારૂની મહેફિલ માણતા ત્રણ ઝડપાયા

માંડવી: માંડવી-કીમ રોડ પર આવેલા અરેઠ નજીકના ઉટેવા ગામે મોડી સાંજે 11 વાગ્યાના સમયે કિશન કિરીટ ગજ્જર (ઉં.વ.32) (રહે.,એલપી સવાણી, હરિહર પાર્ક), નિયત પંકજ પટેલ (ઉં.વ.33) (રહે.,પીપલોદ, સારસ્વતનગર, સુરત) અને વિજય બાલા મકવાણા (રહે.,ગણેશનગર, અરેઠ) ઈંગ્લિશ દારૂની મહેફિલ માણે છે એવી બાતમી અરેઠ જમાદાર ગિરીશ ગામીતને મળી હતી. આથી સ્ટોન ક્વોરી પર પહોંચી ત્રણેય આરોપીને ઝડપી પાડ્યા હતા.

### વલથાણમાં ટ્રકે અડફેટે લેતાં બાઈકસવારનું મોત

કામરેજ: મૂળ મહારાષ્ટ્રના નંદુરબારના ધડગાંવના વતની અને હાલ પલસાણાના બગુમરા ગામે આવેલા પેટ્રોલ પંપ ખાતે રહીને નોકરી કરતો દિદાન ભગસસિંગ પાડવી (ઉં.વ.28) મંગળવારે નોકરી પૂરી કરી સાથે નોકરી કરતા દારાસિંગ વસાવાની હિરો પેશન પ્રો બાઈક નં.(એમએચ 35 એએચ 7845) લઈ કામરેજના વલથાણ ગામની હદમાં કેનાલના કટ પાસે કડોદરાથી કામરેજ જતાં નેશનલ હાઈવે નં.48 પર સાંજે 4 કલાકે પસાર થતો હતો. એ વેળા ટ્રક નં.(એમએચ 19 સીવાય 9737)ના ચાલકે બાઈકસવારને અડફેટે લેતાં 108માં સારવાર માટે કામરેજ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

### કારેલી નહેરમાંથી આધેડની લાશ મળી આવી

પલસાણા: પલસાણાના કારેલી ગામની સર્જન સોસાયટીમાં રહેતા ગોપાલ પંડિત પવાર (ઉં.વ.52)ની લાશ મંગળવારે સોસાયટી તરફ જવાના રસ્તાની બાજુમાં ખેતરાડી વિસ્તારમાં આવેલી નાની નહેરમાંથી મળી આવી હતી. લાશ ડિકમ્પોઝ હાલતમાં હતી.

# બાંગ્લાદેશથી સુખી જીવનના ખ્વાબ બતાવી ભારત લઈ આવી પતિએ પત્નીને દેહવેપારમાં ધકેલી

**પતિ** સહિત ત્રણ સામે કડોદરા જીઆઇડીસી પોલીસમાં ટ્રાફિક ઇમોરલ એક્ટ હેઠળ ગુનો નોંધાયો

પલસાણા: બાંગ્લાદેશથી ગેરકાયદે પ્રવેશ કરી પત્નીને મુંબઇ તેમજ સુરતના કડોદરા વિસ્તારમાં દેહવ્યાપાર માટે મજબૂર કરનાર પતિ સહિત ત્રણ સામે કડોદરા જીઆઇડીસી પોલીસમાં ટ્રાફિક ઇમોરલ એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. પોલીસે મહિલાને છોડાવી હતી.

બાંગ્લાદેશના ખુલ્ના જિલ્લાના મોઇસકુલ્લા ગામની 26 વર્ષીય પરિણીતાને તેનો પતિ ભારતમાં જઈને વ્યાપાર-ધંધો કરીશું એમ કહી ગેરકાયદે રીતે સુરત લઈ આવ્યો હતો. બાંગ્લાદેશની સરહદ પાર કરી કોલકાતા પહોંચ્યા બાદ તેઓ ટ્રેન મારફતે સુરત પહોંચ્યા હતા. જ્યાં તેમની મુલાકાત હસન નામની વ્યક્તિ સાથે થઈ હતી. ત્યાંથી હસન અને મહિલાનો પતિ મહિલાને મુંબઈ લઈ ગયો હતો. અહીં તેમણે મહિલાને દેહવ્યાપારમાં ધકેલી લીધી હતી. હસન મહિલાને મુંબઈમાં બે-ત્રણ જગ્યાએ લઈ ગયો હતો પરંતુ ત્યાં તેણે ધંધો કરવાની ના પાડી દેતાં હસને તેને માર માર્યો હતો અને કામ ન કરવું હોય તો ભારત લાવવા માટે જે 80થી 90 હજાર રૂપિયાનો ખર્ચ થયો હતો તેની માંગ કરી હતી. આથી તેણીએ મજબૂરીમાં મુંબઈ ખાતે ગ્રાન્ટ રોડ પર બે મહિના સુધી દેહવ્યાપાર કરવો પડ્યો હતો. થોડા સમય બાદ મહિલાની તબિયત બગડતાં ત્યાંથી તેઓ સુરત પરત ફર્યા હતા અહીં કડોદરા ખાતે બાલાજી ગ્રીન પાર્ક સોસાયટીમાં રહેવા લાગ્યાં હતાં. પતિએ રફીક નામની વ્યક્તિ સાથે સંપર્ક કરી દેહવ્યાપાર કરવા માટે મજબૂર કરી હતી. આખરે આ બધાથી ત્રાસીને મહિલાએ બાંગ્લાદેશમાં તેની માતાનો સંપર્ક કરી આ દલદલમાંથી બહાર કાઢવા માટે વિનંતી કરી હતી. જેથી બાંગ્લાદેશથી મહિલાની માતાએ જાણ કરતાં સુરત જિલ્લા એસઓજી પોલીસની ટીમે એનજીઓ સાથે ભેગા મળી કડોદરા ખાતે આવ્યા બાદ મહિલાને પતિની કેદમાંથી મુક્ત કરાવી હતી અને કડોદરા પોલીસ સ્ટેશનમાં મહિલાના પતિ, હસન અને રફીક વિરુદ્ધ ટ્રાફિક ઇમ્મોરલ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો.

# વેલાછામાં ક્ષત્રિય સમાજની મીટિંગ: ભાજપ વિરુદ્ધ મતદાન કરવા સમાજને હાંકલ કરાઈ

**પરસોત્તમ** રૂપાલાએ કરેલા નિવેદન બાબતે ગામેગામ વિરોધનો વંટોળ



ઇબ્રાહીમ કાનુ

હથોડા: બુધવારે મોડી સાંજે હથોડા નજીકના વેલાછા ગામે માંગરોળના ક્ષત્રિય સમાજના વસતી ધરાવતાં ગામોમાંથી મોટી સંખ્યામાં ઊમટી પડેલા ક્ષત્રિય સમાજના આગેવાનોએ એક સંકલન સમિતિને બેઠક યોજી હતી, જેમાં પરષોત્તમ રૂપાલા સામે રોષ ઠાલવવાની સાથોસાથ હવે ગુજરાતમાં ભાજપ સામે પણ વિરોધ નોંધાવી વિરુદ્ધમાં મતદાન કરવા હાંકલ કરવામાં આવી હતી.

રૂપાલાના વિવાદિત નિવેદન બાદ ક્ષત્રિય સમાજે રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગ કરી હતી. પરંતુ ભાજપે રૂપાલાની ટિકિટ રદ નહીં કરતાં હવે ક્ષત્રિય સમાજ સમગ્ર ગુજરાતમાં ભાજપના વિરોધમાં મતદાન કરવા કમર કસી રહ્યો છે. અને બુધવારની વેલાછા ગામે મળેલી મીટિંગમાં માંગરોળ તાલુકાના તમામ ક્ષત્રિય વસતી ધરાવતાં ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો મીટિંગમાં હાજર રહ્યા હતા. મીટિંગમાં રાજપૂત સમાજ પ્રગતિમંડળના પ્રમુખ રાજેન્દ્રસિંહે ક્ષત્રિય સમિતિ ગુજરાત દ્વારા મળેલી સૂચનાઓ રજૂ કરતાં જણાવ્યું હતું કે, દરેક ગામમાં સંકલન સમિતિ બનાવવામાં આવે. આ સંકલન સમિતિમાં ગામના દરેક ક્ષત્રિયોનો સમાવેશ કરતાં વોટ્સએપ ગ્રુપ બનાવ્યાં હતાં. જેથી સંકલન સમિતિ દ્વારા જે કંઈ રણનીતિ તૈયાર કરવામાં આવે એ સમાજના દરેક લોકો સુધી પહોંચે. સાથે તેના ઉપર અમલ કરવાનો રહેશે.

આવનારી 28મીએ બારડોલી ખાતે અસ્મિતા સંમેલન મળવાનું હોવાથી દરેક ગામમાંથી 200 લોકો, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને દીકરીઓને પણ લઈ જવામાં આવે એવું આહવાન કરવામાં આવ્યું હતું. વધુમાં આવનારી સાતમી તારીખે દરેક ક્ષત્રિય સમાજના લોકો પોતપોતાના ગામમાં અન્ય સમાજના લોકોને સાથે રાખી ભાજપ વિરુદ્ધ મતદાન કરે તેવી પણ હાંકલ કરવામાં આવી હતી.

વેલાછા ગામે ક્ષત્રિય સમાજની મીટિંગ મળતાં અને સમાજ દ્વારા રોષ ઠાલવવામાં આવતાં વેલાછા સહિત માંગરોળ તાલુકામાં ખળભળાટ મચી ગયો હતો.

### ભાદા ગામના ક્ષત્રિયો ભાજપ વિરુદ્ધ મતદાન કરશે

કામરેજ: કામરેજ તાલુકાના ભાદા ગામે બુધવારે ક્ષત્રિય સમાજના લોકો દ્વારા ગામમાં ભાજપના રાજકોટ બેઠકના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલી ટિપ્પણી અંગે મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટિંગમાં ગામના ક્ષત્રિય સમાજના લોકોને ગામમાં રહેતા અન્ય સમાજના લોકોએ ટેકો આપ્યો હતો. અને ભાજપ વિરુદ્ધ મતદાન કરવાનું ચંદ્રસિંહ ચાવડાએ જણાવ્યું હતું.

## સુડોકુ ૪૯૯૪ - 'ક્રુતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૯ | | | ૪ | ૮ | ૫ | ૬ | ૩ |
| ૮ | | | | ૯ | | ૧ | | |
| | | ૩ | | | ૨ | ૮ | ૯ | ૪ |
| | ૪ | | | ૩ | ૧ | | | |
| ૫ | | | | ૨ | ૪ | | ૭ | ૧ |
| | ૧ | | | ૫ | | ૪ | | ૨ |
| ૪ | | ૫ | ૨ | | | | | |
| | ૭ | ૧ | ૪ | | ૩ | ૨ | ૫ | ૬ |
| ૩ | | | ૯ | ૧ | | ૭ | ૪ | ૮ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### કેસૂડાં - ગુલકંદ

ગુલ એટલે ફૂલ અને કંદ એટલે મીઠાઈ, પાક એવી અમારી નિર્દોષ સમજ છે. મૂળ યુનાની પદ્ધતિ છે. ભારતમાં સર્વત્ર સ્વીકાર્ય છે.

ગુલાબ ઉપરાંત શીમળો, અરડૂસી, ગરમાળો, ધાવડી, મહુડો, કેસૂડાંનો ગુલકંદ બનાવી શકાય છે.

## આજનું પંચાંગ

**તા. 25/04/2024, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2080 **શાકે :** 1946
**વીર સંવત :** 2550 **માસ :** ચૈત્ર
**તિથિ:** વદ : એકમ: 06:47 પછી બીજ
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** વૈશાખ : 05
**નક્ષત્ર :** વિશાખા : 16:24
**યોગ:** વ્યતિપાત **કરણ :** તૈતિલ
**રાશિ :** તુલા (ર.ત.) 20:01 પછી વૃશ્ચિક (ન.ય.)
**દિવસ :** અશુભ બુધ માર્ગી: 18:25 થી
**સુરતમાં સૂર્યોદય :** 06:14 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:54
**નવકારસી :** 07:02
**પારસી વર્ષ :** 1393, આદર માસનો 14 મો રોજ
**મુસલમાન વર્ષ :** 1445, શવ્વાલ માસનો 15 મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
**રાહુ કાળ :** બપોરે 13:30 થી 15:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ.લ.ઇ.):** પાર્ટનરો સાથે મિટીંગનું પરિણામ હકારાત્મક મળે. સામાજીક પ્રવૃત્તિથી માન વધે.
**વૃષભ (બ.વ.ઉ.):** શત્રુઓથી અશાંતિ વધશે. નોકરીમાં નવી જવાબદારી આવે. ખર્ચા વધશે.
**મિથુન (ક.છ.ઘ.):** આકવમાં વધારો થાય મોજ-શોખ, હીરા ઝવેરાતના ધંધામાં લાભ થાય. મિત્રોનો સાથ મળે.
**કર્ક (ડ.હ.):** બહારના કામમાં મદદ મળે. વડીલો સાથે મકાન બાબતે વિચાર-વિમર્શનું પરિણામ મળે.
**સિંહ (મ.ટ.):** દલાલીના કામમાં અનુકૂળતા થાય. બીજાને મદદરૂપ બનશો. અટકેલાં કામ પાર પડશે.
**કન્યા (પ.ઠ.ણ.):** ખાણી-પીણીના ધંધામાં આર્થિક પ્રગતિ થાય. ઉઘરાણી આવે.ઘરમાં તાલમેળ વધશે.
**તુલા (ર.ત.):** કાલ્પનિક અને ક્રીએટીવ બનશો નોકરીમાં પ્રમોશન કે પગારવધારો થાય નવી તક મળે.
**વૃશ્ચિક (ન.ય.):** ધાર્મિક પ્રસંગમાં ભાગ લેવાનું બને સામાજીક પ્રવૃત્તિથી શાંતિ મળે.
**ધન (ભ.ધ.ફ.ઢ.):** મિત્રો સાથે મનોરંજન થાય. ઉંમરલાયકના વિવાહ થાય. પ્રેમમાં સફળતા મળે.
**મકર (ખ.જ.):** નોકરી-ધંધા માટે નવી યોજના પાર પડે. આકવામાં વધારો થાય. સરકારી કામ થાય.
**કુંભ (ગ.સ.શ.ષ.):** વિદેશ પ્રવાસ આયાત-નિકાસ ઉચ્ચ શિક્ષણમાં અનુકૂળતા વધશે.
**મીન (દ.ચ.ઝ.થ.):** સરકારી યોજનાનો લાભ મળે. વિમા-એજન્સીનાં કામ પાર પડશે.

### કોઇ પણ સાલમાં 25 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં પ્રમોશન સાથે નવી જવાબદારી અને દોડધામ તથા કાર્ય બોજ વધશે. નવી ટેકનોલોજી અને નવા નિયમો પ્રમાણે કામ કરવું પડશે. વડીલો સાથે ઘર્ષણ થાય સંતાનોના કામની ચિંતા સતાવે. સમાજમાં તાલમેળ રાખવો પડે. ઉંમર લાયકના વિવાહની વાતમાં વિઘ્નો આવે છતાં પણ સરકારી કામ, કોર્ટ કચેરીમાં વિઘ્નો આવે. વિદેશ પ્રવાસ, વિદ્યાભ્યાસ અને આયાત-નિકાસમાં તક મળે. વર્ષની શરૂઆતમાં નવા ઘર, વાહન, મકાનના કામ થાય. વારસામાં વિઘ્નો આવે. મિત્રોની મદદ સંતાનોના કામમાં મળે. યાત્રા પ્રવાસ, ધર્મકર્મથી શાંતિ મળે.જૂન-જુલાઈમાં નવી તકથી લાભ થાય. ઓગસ્ટ સપ્ટેમ્બરમાં અશાંતિ જનક ઘટના ઘટશે.

## શબ્દગુંફન - ૬૬૪૮

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
૧. જેની આરપાર દેખાય એવું (૫)
૪. આરંભ, શરૂઆત (૪)
૬. બાતમી, પગેરું (૩)
૭. આલાપ, ધૂન (૨)
૯. હશે, છોને (૨)
૧૦. હોડી (૨)
૧૨. અનાથ બાળક (૩)
૧૩. ઝાડ કે ફળની અંદરનો ગર્ભ (૨)
૧૪. પોતાનું (૨)
૧૫. આદર, સન્માન (૨)
૧૬. શિક્ષણ, કેળવણી (૩)
૧૮. પાર્વતી (૨)
૨૧. લોહી (૨)
૨૨. આતુરતા, ચટપટી (૪)
૨૩. ડહાપણ (૪)
૨૫. મસ્તી,ધૂન (૨)
૨૭. ચિંતન કરવાના સ્વભાવવાળું (૫)
૩૦. મહેક, ખુશબો (૪)
૩૨. ક્રોધનો આવેશ (૨)
૩૩. નકામું, બાદ કરેલું (૨)

**ઊભી ચાવી**
૧. લાયકાત (૩)
૨. રહેમ, કૃપા (૨)
૩. ખામી, ઘટ, ખોટ (૩)
૪. ખેડયાવિનાનું (૪)
૫. રેતીનું મેદાન (૨)
૮. આંખ (૩)
૯. હેત, લાગણી (૩)
૧૧. હાથી (૨)
૧૩. મનનું વલણ (૨)
૧૪. દૂર કરવું તે, ફેંસલો (૪)
૧૫. માન્ય હોવું તે (૩)
૧૭. ગરક, તલ્લીન (૨)
૧૯. નમ્રતાથી રજૂ કરવું તે (૪)
૨૦. વાણી, બોલી (૨)
૨૩. ભપકો, દેખાવ (૨)
૨૪. ઉત્તમ, શુદ્ધ (૩)
૨૫. ગાયનના ઠોકનું માપ (૨)
૨૬. કિનારો, તીર (૨)
૨૭. આનંદ, લહેર (૨)
૨૮. દમયંતિનો પતિ (૨)
૨૯. ઠંડું (૨)
૩૦. દરજ્જો, ઉપાધિ (૨)
૩૧. ફરિયાદ, રાજા (૨)

# બારડોલીમાં સાળી સાથે લગ્નપ્રસંગમાં આવેલા વાંઝના યુવકની નવી કીકવાડ પાસેથી લાશ મળી

**યુવકનું** શંકાસ્પદ હાલતમાં મોત થતાં પોલીસે મોતનું કારણ જાણવા વીસેરા લઇ એફએસએલમાં મોકલ્યા

બારડોલી: ચોર્યાસી તાલુકાના વાંઝ ગામે રહેતો ધર્મેશ નાનુ રાઠોડ (ઉં.વ.23) ગત સોમવારે પોતાની મોટરસાઈકલ લઈ દસ્તાનમાં રહેતી તેની બહેન સુધાને ત્યાં ગયો હતો. મોટરસાઈકલ બગડી ગઈ હોય બહેનનું મોપેડ લઈ તે વાલોડના સ્યાદલા ગામે ગયો હતો. ત્યાંથી તેની બે સાળી સાથે મોપેડ પર બારડોલીના તેન ગામે લગ્નપ્રસંગમાં આવ્યો હતો. બારડોલી ખાતે બંને સાળીઓને છોડ્યા બાદ એક સાળી પાસેથી 200 રૂપિયા લઈ મોપેડ પર ઘરે જવા નીકળ્યો હતો. પરંતુ ધર્મેશ તેના ઘરે કે સાસરે પહોંચ્યો ન હતો. દરમિયાન મંગળવારે સવારે સાત વાગ્યે નવી કીકવાડ ગામની સીમમાં એક ખેડૂતને ગોચરમાંથી એક બિનવારસી એક્ટિવા અને તેની પાસે જ એક મૃતદેહ નજરે પડતાં તેમણે બારડોલી ગ્રામ્ય પોલીસને જાણ કરી હતી. પોલીસે સ્થળ પર પહોંચી એક્ટિવાના નંબરના આધારે તપાસ કરતાં દસ્તાન ખાતે રહેતી મૃતકની બહેનનો સંપર્ક થયો હતો. મૃતકની બહેન સુધા વિકાસ રાઠોડ (રહે., દસ્તાન, તા.પલસાણા)એ મૃતદેહ તેના ભાઈ ધર્મેશનો જ હોવાની ઓળખ કરી હતી. ધર્મેશ લગ્નમાં ગયા બાદ ઘરે કે સાસરે પહોંચ્યો ન હતો.

પોલીસે સુધાની જાહેરાતના આધારે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો છે. જો કે, યુવકનું મોત કેવી રીતે થયું અને યુવક નવી કીકવાડ કેવી રીતે પહોંચ્યો તે પોલીસ માટે પણ તપાસનો વિષય છે. હાલ પોલીસે તેમના પરિવારજનોનાં નિવેદન લેવાની શરૂઆત કરી છે. મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરી તેના વીસેરા એફએસએલમાં મોકલવામાં આવ્યા છે, જેમાં યુવકનું મોત કઈ રીતે થયું તેનું ચોક્કસ કારણ જાણવા મળશે.

Milano MULTIPLEX
બારડોલી
Bade Miyan Chote Miyan
10:00Am, 01:00 Pm, 04:00Pm, 09:00Pm, 10:00 Pm.
Maidaan
11:00Am, 02:30Pm, 06:00Pm, 09:30Pm.
Luv You Shankar
07:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

## હાર્દિક શ્રધ્ધાંજલિ



સ્વ.મોહનભાઇ રણછોડભાઈ પટેલ
અવસાન
તા.૧૪/૦૪/૨૦૨૪
એમ.એમ.પટેલ હાઈસ્કૂલ, અસનાડ.
પ્રમુખશ્રી, સ્થાનિક કેળવણી મંડળ, અસનાડ.

શિક્ષણના યજ્ઞ થકી હજારોના જીવનમાં જ્ઞાનરૂપી દીપ પ્રગટાવી માનવતાને મહેંકાવી ગયા. સેવા, સંઘર્ષ અને સમર્પણના સિદ્ધાંતો થકી પ્રેરણાદાયી જીવન જીવી ગયા. આપનો સંસ્થા પ્રત્યેનો સમર્પિત ભાવ અને ઉમદા કાર્યો થકી આપ હરહંમેશ સ્મરણમાં રહેશો. આપના દિવ્ય આત્માને પરમ કૃપાળુ પરમાત્મા ચિર શાંતિ અર્પે એ જ શાળા પરિવારની અભ્યર્થના..



સ્વ.સંજયભાઈ જેરામભાઈ પટેલ
અવસાન
તા.૨૨/૦૪/૨૦૨૪
મોર હાઈસ્કૂલ મોર.
પ્રમુખશ્રી, સ્થાનિક કેળવણી મંડળ, મોર.

લિ.
મંત્રીશ્રી,
વ્યવસ્થાપક સમિતિના સભ્યો,
આચાર્યશ્રી,
સ્ટાફ તથા શાળા પરિવાર,
સ્થાનિક કેળવણી મંડળ, અસનાડ

લિ.
મંત્રીશ્રી,
વ્યવસ્થાપક સમિતિના સભ્યો,
આચાર્યશ્રી,
સ્ટાફ તથા શાળા પરિવાર,
સ્થાનિક કેળવણી મંડળ, મોર

લિ.
પ્રમુખશ્રી/મંત્રીશ્રી/વ્યવસ્થાપક કમિટીના સભ્યો
ઓલપાડ તાલુકા આઝાદ દિન સ્મારક કેળવણી મંડળ,
ઓલપાડ.